ગાંધીનગર સમાચાર

કુંડળીના યોગ્ય અભ્યાસથી રોગ થતા પહેલા અટકાવી શકાય છે

@ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે ત્રીજી શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને બીજા રોજાનું ઈફ્તાર ૭.૨૬ કલાકનું રહેશે.

● સે-૧૭ ટાઉનહોલ ખાતે સાંજે ૬.૩૦ કલાકે ભરત નાટયમ નૃત્યકલાની સાધના-આરાધનાની અવિરત તાલીમ પૂર્ણ કરી રંગભૂમિ પર પ્રથમ પદાર્પણ માટે આરંગેટ્રલ યોજાશે.

● જિલ્લાના સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ દવાખાનાઓમાં પુષ્યનક્ષત્રમાં બાળકોને વિના મુલ્યે સુવર્ણપ્રાશનના ટીપા સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન પીવડાવવામાં આવશે.

● અલ્કાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૩૬૯/૧, સે-૩-બી ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

ઘ-૬ સર્કલ પાસે આંગડીયા કર્મી લુંટાયો

૨૪X૭ સીસીટીવી કેમેરા સર્વેલન્સ એરીયા : બે બાઈક પર આવેલા ચાર શખ્સો છરી બતાવીને કર્મચારીને લુંટી ગયા : ૪૦ હજાર રોકડા તથા કાચા હીરા ભરેલી થેલી લુંટી ચારેય રફ્ફુચક્કર

ગાંધીનગર, તા.૭

પાટનગરના સતત ચહલપહલ ધરાવતા વિસ્તાર એવા ઘ-૬ સર્કલની બરોબર સામે આજે સવારે બે બાઈક લઈને આવેલા ચાર શખ્સો આંગડીયા કર્મીને છરો બતાવીને લુંટ ચલાવી ફરાર થઈ ગયાનો ચોંકાવનારો કિસ્સો બનવા પામ્યો છે. ૨૪૮૭ સીસીટીવી કેમેરાનું જયાં સર્વેલન્સ છે તેજગ્યાએ જ લુંટારૂઓ તથા આંગડીયા કર્મીને ટાર્ગેટ બનાવીને રૂ. ૪૦હજાર રોકડા તથા કાચા હીરા મળી રૂ. ૫૦ હજારનો મુદ્દામાલ લુંટી રફ્ફુચકકર થઈ ગયા હતાં. સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને સીસીટીવી ફુટેજ તપાસી લુંટારૂઓ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ મુળ સાબરકાંઠાના તલોદ ખાતે સ્થિત દોલતાબાદના વતની ૬૦ વર્ષીય કાળાભાઈ શંકરભાઈ વાળંદ રમેશભાઈ પટેલની આંગડીયા પેઢીમાં ૧૯૯૧થી ડીલીવરી બોય તરીકે કામ કરે છે. કાળાભાઈ દરરોજ મોડી સાંજે અમદાવાદ કાળુપુર ખાતે પેઢીની શાખામાં માલ લઈને જાય છે અને સવારે કાળુપુરથી ગાંધીનગર સે-૨૪ની ઓફીસમાં માલ લઈને આવે છે. નિત્યક્રમ મુજબ આજે પણ સવારે બસમાં કાળાભાઈ અને સે-૨૬ કિસાનનગર ખાતે રહેતા પ્રવિણભાઈ મનહરભાઈ દવે અમદાવાદથી ગાંધીનગર આવ્યા હતા. કોઈ શખ્સો તેમની રેકી કરતા હોય તેમ જેવા બંને ઘ-૬ સર્કલ પાસે ઉતર્યા અને સે-૨૪ તરફ જવાની તૈયારી કરે તે પહેલા જ બ્લેક પલ્સર અને એફ.ઝેડ.એમ. બે બાઈક પર ચાર શખ્સો આવી ગયા હતા. બંનેના ચાલકે હેલ્મેટ પહેરેલું હતું અને પાછલ બેઠેલા શખ્સોએ મોં પર રૂમાલ બાંધેલા હતા. કાળાભાઈ પાસે બે લૂંટારૂઓ ગયા અને જાહેરમાં છરો બતાવીને તેમના હાથમાંથી બેગ લુંટી લઈ ફેન્સીંગની વાડમાં ધક્કો મારીને બેગની લુંટ કરી બાઈકમાં રફ્ફુચક્કર થઈ ગયા હતા. ધારદાર છરાની બીકે કોઈ લૂંટારૂઓને પડકારવા પણ ન આવ્યું...! બેગમાં રૂ. ૪૦હજાર રોકડા તથા કાચા હિરા મળી કુલ રૂ. ૫૦હજારની કિંમતનો મુદ્દામાલ ભરેલ હતો. કાળાભાઈની ફરિયાદ લઈને સે-૨૧ પોલીસે ચાર અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી સીસીટીવી ફુટેજ તપાસીને તેને આધારે લુંટારૂઓને પકડવા દોડધામ શરૂ કરી છે. પીએસઆઈ બી.જી. યાદવે ગુનાની વધુ તપાસ આરંભી છે તો બીજી તરફ ગાંધીનગર એલસીબીની ટીમો પણ લૂંટારૂઓ સુધી પહોંચવા સક્રીય થઈ છે.

આ આંગડીયા પેઢીનો બીજો કર્મચારી લુંટાયો

થોડા મહિનાઓ અગાઉ આ જ આંગડીયા પેઢીનો કર્મચારી રૂ. ૧૭ લાખ રોકડા ભરેલી બેગ ભરાવીને ટુ વ્હીલરમાં સે-૨૬ તરફ જવા નીકળ્યો હતો ત્યારે રૂપિયા ભરેલી આ બેગ લુંટી લેવાઈ હતી. આ ગુનો પણ હજુ ઉકેલાયો નથી ત્યાં આ જ પેઢીનો બીજો કર્મચારી આજે લુંટાવા પામ્યો છે...!

બંને બાઈકના નંબર કેમેરામાં કલીયર દેખાતા નથી...!

ઘ-૬ સર્કલ પર સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે અને આ વિસ્તારમાંથી અનેક વાહનચાલકો કે જેમણે હેલ્મેટ નથી પહેર્યા હોતા તેમના ઘરે દંડની પાવતીઓ પહોંચે છે. પરંતુ લુંટ જેવા ગુનાની તપાસ માટે પોલીસે આ સીસીટીવી ફુટેજ તપાસ્યા તો કેમેરામાં બંને બાઈકના નંબર જ કલીયર દેખાતા ન હોવાનું ધ્યાને આવ્યું છે. પલ્સર બાઈકની તો નંબર પ્લેટ જ દેખાતી નથી. જો કે એફ. ઝેડ બાઈકનો નંબર દેખાય છે પરંતુ પ્લેટ સામાન્ય વળેલી હોવાથી થોડા અંદાજ લગાવવામાં પોલીસ કામે લાગી છે. શહેરના અન્ય સીસીટીવીમાં આ બાઈકો કેદ થાય છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે. તેને આધારે લુંટારૂઓ સુધી પહોંચવા પોલીસ દોડધામ કરી રહી છે.

વાતવાતમાં

● દબાણ તંત્રએ ઈન્દ્રોડા બળિયાદેવ મંદિરને ટાર્ગેટ બનાવ્યું હોય તેમ ફરી એક વાર ત્રાટકયું હતું. ગઈ વખતની કામગીરી દરમિયાન મંદિરને અડીને ત્રણેક ફુટના પેવર બ્લોકનો પટ્ટો યથાવત રહેવા દીધો હતો તે ફરી પોલીસ કાફલા સાથે ત્રાટકેલા તંત્રએ તોડી નાંખ્યો છે.

● ઘ-૬ સર્કલે લૂંટના બનાવે પોલીસ પોકળતા ઉઘાડી પાડી છે. હજુ એક દિવસ અગાઉ જ અહીં પોલીસે 'સીંઘમ' બની રીક્ષાઓ ડિટેઈન કરવા સુધીની કામગીરીનો રોફ જમાવ્યો હતો ત્યાં જ લૂંટનો બનાવ બનતા મામલો ચર્ચાસ્પદ બન્યો છે.

● રાજયભરમાં ફરી એક વાર હીટવેવની અસર વર્તાતા અમદાવાદ સહિત અનેક જગ્યાએ શાળાઓમાં ઉનાળુ વેકેશન એક સપ્તાહ સુધી લંબાવી દેવાયા છે. બાળકોના સ્વાસ્થ્ય સલામતી અંગે ચિંતિત ગાંધીનગરના વાલીઓમાં પણ વેકેશન લંબાવવાની અપેક્ષા બળવત્તર બનતી જણાય છે.

● શહેરમાં યોજાતા રાજકીય કાર્યક્રમો માટે લગાડાયેલા હોર્ડિંગ્સ કાર્યક્રમ પત્યા બાદ પણ હટાવાતા નહોતા. જો કે હાલ શહેરમાં આ પ્રકારના હોર્ડિંગ્સ ઉતારવાની કામગીરી હાથ ધરાઈ હોવાથી હોર્ડિંગ્સનું જંગલ ઓછું થશે.

● નાથીબા કોલેજના પ્રાધ્યાપક તથા વિવિધ સંસ્થાઓમાં અગ્રણી કાર્યકર રહેતા ડૉ. પ્રણવ જોષીપુરા હાલ દક્ષિણ આફ્રિકા ખાતેના ડર્બન શહેરની મુલાકાતે ગયા છે. તેઓ ડર્બનમાં યોજાનારી થ્રીડી ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે ગયેલા છે.

ત્રણ માસથી ઉખાડાયેલા પેવર બ્લોકસ ફરી કયારે લગાવાશે?

ઉનાળાની ઋતુ તેના અંતિમ ચરણમાં છે, વરસાદના આગમનની ચોતરફ કાગડોળે રાહ જોવાઈ રહી છે. શહેરમાં તંત્રએ ગીમી ગતિએ પરંતુ પ્રિ-મોન્સુન એકશન પ્લાનની કામગીરી હાથ ધરી છે. જો કે બીજી તરફ તંત્રના

કેટલાક વિભાગ એવા પણ છે કે જે યોગ્ય સંકલનના અભાવે ચોમાસામાં વધુ મુશ્કેલી ઉભી થાય તેવી બેદરકારીઓ દાખવી રહ્યા છે. ગાંધીનગરના જૂના સચિવાલય ડૉ. જીવરાજ મહેતા ભવનના બ્લોક નં. ૧૨ સામે થોડા સમય પહેલા પેવરબ્લોક નાંખવામાં આવ્યા હતા. હવે અન્ડરગ્રાઉન્ડ ઈલેકટ્રીક કેબલ્સ નાંખવા માટે આ બ્લોક ઉખેડી નાંખવામાં આવ્યા છે. આ કેબલ્સ નાંખવાનું કામ પુરું થયે પણ ત્રણ માસ જેટલો સમય વીતી જવા છતાં આ પેવરબ્લોક ફરીથી તેના મુળ સ્થાને બેસાડવામાં આવ્યા નથી જેના કારણે એકાદ મોટુ વરસાદી ઝાપટું પણ પડશે તો બાકીના બ્લોકસ પણ નીકળી જશે તેવી શકયતાઓ રહેલી છે. આ પેવર બ્લોકસ ચોમાસુ બેસે તે પહેલા ફરીથી બેસાડી દેવાય તેવી બ્લોક નં. ૧૨ સહિત અન્ય કર્મચારીઓમાં પણ માંગ ઉઠવા પામી છે.

રાજદ્રોહના કાયદા વિશે સમર્પણ કોલેજમાં સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પ ખાતે સમર્પણ સ્કુલ ઓફ લૉ દ્વારા રાજદ્રોહના કાયદા વિષયે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર તા. ૧૨મી જૂને સવારે ૧૦ કલાકે સમર્પણ સ્કૂલ ઓફ લૉ ખાતે યોજાશે. સેમિનારનું ઉદઘાટન ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા કરશે. સેમિનારમાં રાજયના કાયદાના શિક્ષણવિદો ભાગ લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે પાટીદાર અનામત આંદોલન બાદ સર્જાયેલી સ્થિતિના પરિપ્રેક્ષ્યમાં રાજદ્રોહનો કાયદો હાલ ચર્ચાસ્પદ બન્યો છે ત્યારે આ સેમિનાર કાયદાના અભ્યાસુઓ તથા રસિકો માટે ખુબ ઉપયોગી નિવડશે તેવુ જણાય છે.

બોપલ આંગડીયા લુંટના સુત્રધાર ગેલા ભરવાડનાં મકાનમાં સર્ચ

સે-૩૦ છ ટાઈપમાં રહેતા આરોપી એસઆરપી જવાનના મકાનમાંથી પાંચ અલગ અલગ બનાવટી આઈ કાર્ડ મળી આવ્યા : સે-૨૧ પોલીસ મથકમાં ગુનો દાખલ

ગાંધીનગર, તા.૭

ચકચારી બોપલ આંગડીયા લુંટ પ્રકરણનો બોપલ પોલીસે પર્દાફાશ કરી આરોપીઓની ધરપકડ કરી ત્યારે ગાંધીનગરના આરોપીઓનાં નામ ખુલવા પામ્યા હતા. તે પૈકીનો એક સુત્રધાર ગેલા ભરવાડ એસઆરપીમાં ફરજ બજાવતો હોવાનું અને સે-૩૦ છ ટાઈપ ખાતે સરકારી મકાનમાં રહેતો હોવાનું ધ્યાને આવતા તેના મકાનમાં ગઈ કાલે પોલીસે સર્ચ ઓપરશન હાથ ધર્યું હતું. ઘરમાંથી બનાવટી આઈ કાર્ડો મળી આવતા સે-૨૧ પોલીસ મથકમાં આ સંદર્ભે ગુનો દાખલ થવા પામ્યો છે.

પોલીસે સેકટર-૩૦, છ ટાઈપ બ્લોક નં. ૭૨/૪ ખાતે ગેલા મસા ભરવાડના મકાનમાં ગઈ કાલે તાળુ તોડીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તેના ઘરમાંથી પાંચ અલગ અલગ આઈ-કાર્ડ મળી આવ્યા હતા. જેમાં એક પોતાનું જ એસઆરપી કોન્સ્ટેબલનું કાર્ડ તથા આધારકાર્ડ હતું. તે ઉપરાંત એક રમેશ પટેલ (ડ્રાઈવર, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, ઈન્કમટેક્ષ વિભાગ)નું આઈકાર્ડ હતું જેમાં ફોટો ગેલા ભરવાડનો લાગેલો હતો તે ઉપરાંત બે ગુજરાત પોલીસના (અસલ ઓળખ કાર્ડ) મળી આવ્યા હતા જેમાં ફોટો અલગ હતા પરંતુ નામ ગેલા ભરવાડનું હતું. આ આઈકાર્ડમાં સિક્કો અને સહી તત્કાલીન એસ.પી. શરદ સિંઘલની હતી. પાંચેય આઈ કાર્ડ જપ્ત કરી ગેલા ભરવાડ સામે સે-૨૧ પોલીસ મથકમાં આઈપીસી કલમ ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૭૪ અને ૧૭૧ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ આઈ કાર્ડના ઉપયોગ તે કયા ગુના આચરવા માટે કરતો હતો તે અંગેની તપાસ અમદાવાદ પોલીસ કરી રહી છે.

પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીનીએ શાળાનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૭

આર.જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉચ્ચ માધ્યમિક કન્યા શાળાના ધો-૧૨માં અભ્યાસ કરતી બંસરી ભદ્રેશભાઈ રાઠોડ જે જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ છે. બંસરીએ શાળાના આચાર્યાબેન, સુપરવાઈઝર અને શિક્ષકોના માર્ગદર્શન અને મહેનતથી તેમજ વાલીની સજાગતાથી વર્ષ ૨૦૧૬ માર્ચ ધો-૧૨ બોર્ડની પરીક્ષામાં સામાન્ય પ્રવાહમાં ૯૬.૦૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ સ્થાન મેલવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ બદલ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે. તેમજ તેના બંને વર્ગ શિક્ષકોને અને શર્મિષ્ઠાબેન પટેલને પણ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

સંસ્કાર ગૃપ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૭

સંસ્કાર ગૃપ દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે બાળકો, યુવાનો અને વડીલોને પર્યાવરણ લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ માર્ગદર્શન શિબિરમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન ગૃપ દ્વારા બાળકોએ મારી શાળામાં અને ઘરની આજુબાજુના વૃક્ષોને પાણી-ખાતર સાથે માવજત તેમજ આ ચોમાસામા જુદી જુદી જગ્યાએ જઈ આસપાસના વિસ્તારોમાં વૃક્ષોની વાવણી કરીશું સહિતની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. જેથી વૃક્ષોના છાયડામાં અબોલ પક્ષીઓ વિશ્રામ કરે તેવા હેતુથી ગૃપ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કાર ગૃપ દ્વારા શાળા કોલેજો અને જુદા જુદા ગૃપ સાથે રહી ઈકો એકઝામનું આયોજન કરવામાં પણ આવે છે તથા દર વર્ષે જુદા જુદા ઉજવણીના કાર્યક્રમોમાં પણ પર્યાવરણ લક્ષી કાર્યો કરવામાં આવશે એમ સંસ્કાર ગૃપના પ્રમુખ તુષાર જગદીશચંદ્ર દવેએ જણાવ્યું છે.

દુકાનનું શટર તોડીને મોબાઈલ ચોરી જનાર ત્રિપુટી પકડાઈ

ગાંધીનગર, તા.૭

પખવાડીયા પહેલા કલોલ તાલુકાના દંતાલી જીઆઈડીસી પાસે સ્થિત એક મોબાઈલની દુકાનનું શટર તોડી મોબાઈલોની ચોરી થવા પામી હતી. આ ઘરફોડ ચોરી કરનાર ત્રિપુટી ગાંધીનગર એલસીબીની ટીમના સકંજામાં આવી ગઈ છે. બાતમીને આધારે ચોરીના મોબાઈલો વેચવા ફરતા ત્રણેય શખ્સોને ખાત્રજ પાસેથી એલસીબીની ટીમે પકડી પાડી રૂ. ૫૬,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી સઘન પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી

મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પમારની ટીમ પ્રયત્નશીલ થઈ છે ત્યારે ગઈ કાલે પીએસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમ કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોકકસ બાતમીને આધારે ખાત્રજ ગંગોત્રી હોટલ પાસેથી ચોરીના મોબાઈલો તથા ડીવીડી અને હોમ થિયેટર સાથે ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. દસક્રોઈના લપકામણ વિસ્તારના મીના ઉર્ફે મીનો પરબત રાવત, સંજય ગાભા ઠાકોર અને ગોપાલ ઉર્ફે ગોપી રમેશ ઠાકોર ત્રણેયને પકડીને મુદ્દામાલ વિશે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા ચોરીના મોબાઈલો તથા હોમ થિયેટર વેચવા ફરી રહ્યા હોવાની તથા આ મુદ્દામાલ પંદરેક દિવસ પહેલા રાત્રીના સમયે દંતાલી જીઆઈડીસી દિપ કીરણ કંપની પાસે આવલી ચામુંડા મોબાઈલ થોપનું શટર તોડીને ચોરી કર્યા હોવાની કબુલાત કરી હતી. થેલામાંથી ૩૧ નંગ મોબાઈલ, હોમ થિયેટર, સ્પીકર તથા ડીવીડી-ઈવીડી પ્લેયર સહિત કુલ રૂ.૫૬,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ મળી આવતા એલસીબીએ જપ્ત કરી મુદ્દામાલ તથા આરોપીઓ સાંતેજ પોલીસને સોંપી દીધા છે.

કુંડળીના યોગ્ય અભ્યાસથી રોગ થતા પહેલા અટકાવી શકાય છે

એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશનની શાંતિ સ્મૃતિ પ્રવચન શ્રેણીના પ્રથમ કાર્યક્રમમાં મેડીકલ એસ્ટ્રોલોજી અંગે ડૉ. શ્રુતિ શાહનું રસપ્રદ વકતવ્ય : અન્ય વકતા મનોજ મેઉવાએ વાસ્તુશાસ્ત્ર અંગે શ્રોતાઓને ઉપયોગી માહિતી આપી

ગાંધીનગર, તા.૭

'કુંડળીનો યોગ્ય અભ્યાસ કરવામાં આવે તો શરીરમાં થનાર રોગો અંગે અગાઉથી જાણકારી મેળવી શકાય છે તેમજ તેનો સમયસર ઉપાય પણ કરી શકાય છે. વિચારોને હકરાત્મક બનાવી રોગ મટાવી શકવા શકય છે.' ગાંધીનગરના એની ટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા પ્રારંભ કરાયેલ 'શાંતિ સ્મૃતિ પ્રવચન શ્રેણી'ના પ્રથમ વ્યાખ્યાનમાં વડોદરાના જાણીતા તબીબ ડૉ. શ્રુતિ શાહે મેડીકલ એસ્ટ્રોલોજી વિષયે બોલતા ઉપરોકત શબ્દો કહ્યા હતા. આ કાર્યક્રમમાં મનોજ મેઉવાએ વાસ્તુશાસ્ત્ર અંગે શ્રોતાઓને રસપ્રદ માહિતી પ્રદાન કરી હતી.

ડૉ. શ્રુતિ શાહે તેમના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે ધ્યાન અને પ્રાર્થનાની સારી રીત પણ જીવનમાં અગત્યનું સ્થાન ધરાવે છે. વ્યકિતની હકારાત્મક વિચારશૈલી ગમે તેવા રોગ મટાડવા સક્ષમ છે. એમાં પણ જો વ્યકિતની કુંડળીનો અભ્યાસ કરી સમયસર પગલાં લેવાય તો રોગ માત્ર મટાડી જ શકાતો નથી પરંતુ ભવિષ્યમાં થનારા રોગનું પણ નદાન કરી તેને થતા અટકાવી શકાય છે. આ એક ભારતીય સંસ્કૃતિનો પુરાતન વારસો છે જે હવે આજના યુગમાં નવતર સ્વરૂપે મેડીકલ એસ્ટ્રોલોજીના નામથી પ્રચલિત બન્યો છે. એટીએમ ફાઉન્ડેશન દ્વારા આયોજિત શાંતિ સ્મૃતિ પ્રવચન શ્રેણીના પ્રથમ કાર્યક્રમમાં અન્ય વકતા મનોજ મેઉવાએ વાસ્તુશાસ્ત્ર

અંગે શ્રોતાઓને જાણકારી આપતા વર્તમાન સમયમાં તેની ઉપયોગિતાનું મહત્વ સમજાવ્યું હતું. ભારતીય સંસ્કૃતિના ગૌરવ સમા યોગ, આયુર્વેદ અને વાસ્તુશાસ્ત્રના આધ્યાત્મિક સ્વરૂપે અંગે વાત કરતા તેમણે મકાનો તથા ઈમારતોની આંતરિક રચના ઉપરાંત તેની સાથે જોડાયેલી દરેક વ્યકિતઓ જે તે ગ્રહનું પ્રતિનિધિત્વ કરતી હોય તેની અસરો અને પ્રભાવ થકી કેવી રીતે ઉત્તમ વાસ્તુની રચના કરી શકાય તે દૃષ્ટાંત સહિત સમજાવ્યું હતું. ઈમારતનો ઉપયોગ કરનાર તમામના એકબીજા સાથેના મધુર સંબંધોનો વાસ્તુ સાથે ગાઢ સંબંધ હોવાની રસપ્રદ માહિતી તેમણે આપી હતી. તેમણે જીવનમાં મળતી સફળતા માટે ઈશ્વરનો આભાર માનવા સાથે ભૂતકાળમાં કરેલી ભૂલો અંગે સામી વ્યકિતની માફી માંગી બીજાઓને માફ કરવાની ટેવ કેળવવી એ પણ આધ્યાત્મિકતાનો ભાગ હોવાનું જણાવ્યું હતું.

શાંતિ સ્મૃતિ પ્રવચન શ્રેણીના પ્રથમ કાર્યક્રમને માણવા સવાસોથી પણ વધુ શ્રોતાઓ ઉમટી પડયા હતા. આ પ્રસંગે કાર્યક્રમના પ્રાંરભમાં જ એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશનના પ્રમુખ સેમ્યુઅલ ક્રિશ્ચિયને કાર્યક્રમના હેતુ અંગે વિસ્તૃત સમજ આપી હતી. કાર્યક્રમનું સંચાલન મનોજ જોષીએ સુપેરે સંભાળ્યું હતું. કાર્યક્રમના અંતે વકતાએ શ્રોતાઓના મુંઝવણભર્યા સવાલોના સંતોષકારક પ્રત્યુત્તર આપ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે પ્રમુખ સેમ્યુઅલ ક્રિશ્ચિયન, સહપ્રમુખ બીના ક્રિશ્ચિયન તથા અન્ય હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી.